## મોડાસા બસ સ્ટેન્ડમાં નિસહાય હાલતમાં

# યુવતી અને ત્રણ બાળકોની મદદે ૧૮૧ અભયમ્‌ની ટીમ પહોંચી



મોડાસા, તા. ૨૬

મોડાસા એસટી બસ સ્ટેશન ખાતે ગુરુવારના રોજ આશરે ૪ વાગ્યાની આસપાસ ત્રણ બાળકો સાથે ૧૯ વર્ષિય યુવતી સંદિગ્ધ હાલતમાં જણાતાં બસ સ્ટેન્ડ પર હાજર રહેલા મુસાફરો પૈકી કોઈકે યુવતીના મોબાઈલ ઉપરથી જ મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમ ઉપર ફોન કરતાં તાત્કાલીક અભયમના કાઉન્સેલર જીજ્ઞાબેન અને મહિલા કોન્સ્ટેબલ ઈલાબેને સ્થળ ઉપર પહોંચી ત્રણ બાળકો અને મહિલાનો કબ્જો લઈ ટાઉનપોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા. ત્યાર બાદ ૧૮૧ હેલ્પલાઈનની કચેરીએ જઈ યુવતી અને બાળકોનું કાઉન્સેલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં યુવતીના જણાવ્યા પ્રમાણે તેણીના ભાઈ-ભાભી ત્રણ માસ અગાઉ અકાળે મૃત્યુ પામેલ હોય અને તેઓના ત્રણ સંતાનોને લઈ ઉત્તરપ્રદેશથી ગુજરાતના ગાંધીધામ ખાતે ખાનગી હોટલમાં કામ કરવા માટે આવી હતી. યુવતીના જણાવ્યા મુજબ મંગળવારના દિવસે અજાણ્યા ચાર ઈસમો દ્વારા કાળા રંગની જીપમાં બાળકો અને યુવતીને બેસાડી બુધવારના દિવસે મોડાસા આસપાસ બેભાન અવસ્થામાં છોડી ભાગી ગયા હતા. બે દિવસથી રઝળતા બાળકો અને યુવતી મોડાસા બસ સ્ટેન્ડ પર આવી પહોંચતાં ત્યાં યુવતી બાળકો સાથે જણાતાં મુસાફરોએ પુછપરછ હાથ ધરતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ સમગ્ર મામલામાં મહિલાનું ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા કાઉન્સેલીંગ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# આજે હિંમતનગરમાં રાજયકક્ષાની ડૉક્ટરોની કોન્ફરન્સ યોજાશે

## ૧૨૦૦થી વધુ તબીબો વિવિધ રોગો માટે શોધાયેલી ઉપચાર પદ્ધતિ અંગે ચર્ચા કરશે

હિંમતનગર, તા. ૨૬

આજકાલના જમાનામાં માણસને જન્મ લેતાની સાથે જ અનેક પ્રકારની દવાઓ લેવી પડે છે ત્યારે ઘણી વખત તેની આડઅસરો અથવા તો શરીરના બંધારણમાં રહેતી કચાશને કારણે કેટલાંક કિસ્સાઓમાં તે વ્યક્તિ વિચિત્ર રોગનો ભોગ બને છે. ત્યારે મેડીકલ સાયન્સ તેને નાબુદ કરવા માટે અવનવા સંશોધનો કરી તેને ઉપયોગમાં લેવાની ભલામણ કરે છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં સૌ પ્રથમવાર રાજ્યકક્ષાની ડૉક્ટરોની બે દિવસીય કોન્ફરન્સનું હિંમતનગરની મેડીકલ કોલેજમાં આયોજન કરાયું છે જેનો પ્રારંભ શનિવારે થશે.

આ અંગે આઈએમએ હિંમતનગરના તબીબ ડૉક્ટર ભુપેન્દ્રભાઈ શાહ, ડૉ. દિનેશ પટેલ, ડૉ. કૌશિક શાહ તથા જયરાજ ભટ્ટના જણાવાયા મુજબ હિંમતનગરમાં યોજાનાર રાજ્યકક્ષાની ડૉક્ટરોની કોન્ફરન્સમાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર, જુનાગઢ, વડોદરા, આણંદ, નડીયાદ, મહેસાણા, ગોધરા, દાહોદ, પાલનપુર, પાટણ સહીતના અન્ય સ્થળે કામ કરતા અંદાજે ૧૨૦૦થી વધુ તબીબો હાજર રહેશે.

બે દિવસ સુધી ચાલનારી આ કોન્ફરન્સમાં મુંબઈ, વડોદરા, સહીતના અન્ય સ્થળેથી આવનાર નિષ્ણાત તબીબો ગાયનેક, ઓર્થોપેડિક, માનસિક રોગો, હૃદય તથા મુત્રપિંડના રોગો અંગે થયેલા નવા સંશોધનો અંગે જાણકારી આપશે.

## આંતરસુબામાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૨૬

વિજયનગર તાલુકાના આંતરસુબા આશ્રમ ખાતેથી પાંચ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૨૦ હજારની કિંમતના બાઈકની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ ગુરૂવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે કાવાભાઈ સવજીભાઈ ડામોરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમણે ગત તા. ૨૨ ઓક્ટોબરના રોજ બાઈક નં. જીજે.૯સીટી.૨૧૩૦ને પાર્ક કર્યુ હતુ. જ્યાંથી અજાણ્યો શખ્સ બાઈકની ચોરી કરી લઈ ગયો હતો. જેથી કાવાભાઈએ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ધાનેરામાં સરકારી જમીનમાંથી રેતીની થતી ચોરી-તંત્ર મૌન



ધાનેરા, તા.૨૬

ધાનેરા તાલુકામાં સરકારી પડતર જમીનોમાંથી માટી-રેતીનું ખોદકામ પંચાયતની કોઈપણ જાતની મંજુરી વગર સરપંચો પોતાની મરજી મુજબ મોટા પાયે રેતી કઢાવી રહ્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

ધાનેરા તાલુકામાં અનેક ગામોમાં આવી પરિસ્થિતિ જોવા મળે છે. સામરવાડામાં રેતીની ચોરી બાબતે અધિકારી સમક્ષ રજુઆતો કરવા છતાં અધિકારી દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે અને આવી રેતીની ચોરી રાત્રીના સમયે ૧૦ વાગ્યા પછી ખોદકામ ચાલુ કરવામાં આવે છે. મોટા જે.સી.બી. અને દસેક ટેકટરો દ્વારા આ કામ ચાલી રહ્યું હોવાનું મનાઈ રહ્યું છે. તો આ ખનીજ રેતીચોરીમાં શું સરપંચ અને અધિકારીઓની પણ મિલિભગત છે કે શું ? તેવા પ્રશ્નો લોકજીભે ચર્ચાઈ રહ્યા છે. આ બાબતે પ્રાંત અધિકારી કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

## કાંકરેજ તાલુકાના મોટા જામપુર ગ્રામ પંચાયતના

# સરપંચને ખોટો ઠરાવ કરવા બદલ હોદ્દા પરથી સસ્પેન્ડ કરાયા

કાંકરેજ, તા. ૨૬

પ્રાપ્ત વિગત મુજબ કાંકરેજ તાલુકાના મોટા જામપુરમાં સર્વે નંબર.૧૧૨પી ૧ સામે બનેલ નવો સર્વે નં.૫૬૭ હે.૦-૮૦-૧૨ ચો.મો.જમીન ગૌચર હેડ ચાલતી હોવા સતા મોટા જામપુર ગ્રામ પંચાયતે ઠરાવ નં.૩ તા ૨૧/૦૮/૨૦૧૭થી આ જમીન તળાવની છે તેમ દર્શાવી તેનું ખોદકામ કરી નર્મદા મુખ્ય કેનાલ નહેરના પાળા માટે માટીલેવા ઠરાવ કરી આપતા તે અન્વયે નર્મદા નિગમના પાળાબંધીના કોન્ટ્રાકટર જલારામ કંસ્ટકશન અમદાવાદ મારફતે આ જમીનમાંથી ખોદકામ કરી માટી લેવામા આવતી હોવાનું જણાતા આ જમીન ગૌચર સદરની હોઈ નામ. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ગૌચરની જમીન અન્ય કોઈ પણ હેતુ માટે ના આપવાની હોવા છતાં મોટા જામપુર ગ્રામ પંચાયતે તેના ક્ષેત્રાધિકાર બહાર જઈ આ જમીનમાંથી માટી લેવા માટે પરવાનગી આપતો ઠરાવ કરી આપી માટીનું ખનન તથા વહન કરી રોયલ્ટી ચોરી કરી તે અંગે મામલતદારશ્રી કાંકરેજના તા ૩/૧૦/૨૦૧૭ના અહેવાલ અન્વયે સરપંચશ્રી મોટા જામપુરને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૫૭/૧ અન્વયે આ કચેરીના નં. એ ૧/ગ ૫ /કલમ ૫૭(૧)પગલાં વસી ૭૨૨/ ૨૦૧૭તા૨૬/ ૧૨/૨૦૧૭થી નીચેની વિગતે નોટિસ આપવામાં આવેલ.



આ મોટા જામપુરની જમીન ગૌચર હેડે ચાલતી હોવા સતા ગ્રામ પંચાયત દ્વારા માટી લેવા મંજૂરી આપતા કાર્યક્ષેત્ર બહાર કાર્યકરી સત્તા બહાર જઈ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭/૧ની જોગવાઈ અન્વયે ગ્રામપંચાયત મોટા જામપુરના સરપંચને દૂર કરવા માટે અરજ દરે રજુ આત કારેલ હતી ત્યારે આજ રોજ મોટાજામપુર ગ્રામ પંચાયત ના સરપંચ ચૌધરી માનસુંગભાઈ લક્ષ્મણભાઈને હોદ્દા પરથી દુર કરવામાં આવ્યા છે. મોટા જામપુર ગ્રામ પંચાયતના સરપંચ તેમના હોદ્દાનો દૂર ઉપયોગ કરી પ્રાઈવેટ કોન્ટ્રકટરને ગૌચરની જમીનમાંથી સરકાર ને કે ?

# બનાસકાંઠા જિલ્લા આરોગ્ય તંત્ર હરકતમાં

## પાલનપુરમાં ઝીકા વાયરસની સાવચેતી રૂપે ૫૦૦ મુસાફરોની ચકાસણી : એક પણ પોઝિટીવ કેસ મળ્યો ન હોવાનો દાવો



પાલનપુર, તા.૨૬

ઝીકા વાયરસના પગલે સરહદી બનાસકાંઠા જિલ્લાનું આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. પાડોશી રાજ્ય રાજસ્થાનમા ઝીકા વાયરસના ૧૦૦ જેટલા કેસ મળી આવતા જિલ્લાનું આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. સરહદી બનાસકાંઠા જિલ્લો રાજસ્થાનને અડીને આવેલો હોવાના કારણે ઝીકા વાયરસ બનાસકાંઠા જિલ્લામાં પણ પગપેસારો ન કરે તે માટે આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. રાજસ્થાનમાંથી આવતા લોકોની તપાસ માટે આરોગ્ય તંત્ર દ્વારા ટીમો ગોઠવી દેવાઈ છે. સૌથી વધુ લોકો રાજસ્થાનથી બનાસકાંઠા અવરજવર કરતા હોય છે. ત્યારે પાલનપુર રેલવેસ્ટેશન અને એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે રાજસ્થાનથી આવતા શંકાસ્પદ લોકોની તાપસ માટે આરોગ્યની બે ટિમ તૈનાત કરવામાં આવી છે. જીકા વાયરસ ગુજરાતમાં ના ઘૂસે તે માટે આરોગ્ય વિભાગ તૈનાત હોવાનું રેલવે સ્ટેશન પર ફરજ બજાવતા ડો. ઉમેશ પટેલે જણાવ્યું હતું.

બનાસકાંઠાના પડોશી રાજ્ય રાજસ્થાનમાં ઝીકા વાયરસે દેખા દીધી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં આ વાયરસ ન પ્રસરે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશને કેમ્પ યોજવામાં આવ્યો છે. જ્યાં છેલ્લા એક સપ્તાહમાં ૫૦૦ ઉપરાંત મુસાફરોની ચકાસણી કરવામાં આવી હતી. જોકે, એકપણ પોઝિટીવ કેસ મળ્યો નથી. આ અંગે જીલ્લા આરોગ્ય અધિકારી એ. એચ. આચાર્યએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જિલ્લામાં ૭૧૧ કર્મચારીઓની ટીમ દ્વારા જુદીજુદી ચેકપોસ્ટ સહિતના સ્થળે લોકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. જ્યાં પાલનપુર બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશને ૫૦૦ ઉપરાંત લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. પરંતુ કોઈ પોઝિટીવ કેસ મળ્યો નથી.

# પ્રાંતિજ નર્સીંગ સ્કૂલ એન્ડ કોલેજનું ગૌરવ

## તાજેતરમાં લેવાયેલ પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સીંગ સ્કુલ એન્ડ કોલેજ તથા ફિઝીયોથેરાપી કોલેજ ખાતે લેવાયેલ પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન જૂના બાકલપુર ખાતે આવેલ ચિત્રિણી નર્સીંગ કોલેજ એન્ડ સ્કુલ તથા ફિઝીયોથેરાપી કોલેજ પ્રાંતિજ ખાતે ૨૦૧૮ની બી.એસ.સી.(એન) એમએસસી (એન), જીએનએમ અને બી.પી.ટી.ની પરીક્ષા યુનિવર્સિટી તથા ગુજરાત નર્સીંગ કાઉન્સિલ દ્વારા જૂન, જુલાઈ, ઓગષ્ટ-૨૦૧૮માં લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવતાં વિદ્યાર્થીઓ વાલીઓમાં આનંદ જોવાં મલ્યો હતો. સંસ્થાના વિદ્યાર્થીઓએ સાબરકાંઠા જિલ્લાનું પ્રાંતિજ સહિત તાલુકાનું સંસ્થાનું નામ રોશન કર્યું છે. સંસ્થાના સંચાલક ડૉ. નુપાંશ પટેલ નર્સીંગ કોલેજ અને ફિઝીયોથેરાપી કોલેજના પ્રિન્સિપાલ નરેન્દ્રભાઈ શર્મા, ડૉ. કિશરીબેન તથા સ્ટાફ દ્વારા વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિધાર્થીઓની પ્રગતિ માટે સંસ્થા દ્વારા શુભેચ્છાઓ પાઠવેલ છે. સાબરકાંઠા- અરવલ્લીમાં આ સૌ પ્રથમ શરૂ થયેલી સેલ્ફ ફાઈનાન્સ નર્સીંગ અને ફીઝીયોથેરાપી કોલેજ છે.



## ધાનેરામાં શરદ પુર્ણીમાની ભવ્ય ઉજવણી કરાઇ

ધાનેરા તાલુકામાં શરદ પૂનમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધાનેરા ખાતે હિરાણી પાર્ટી પ્લોટ ખાતે શરદ પુનમના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મોની હિરોઈન મમતા સોની મહેમાન તરીકે આવતાં મોટી સંખ્યામાં લોકો તેને જોવા માટે પણ ઉમટી પડ્યા હતા. તેમજ મમતા સોનીએ શેર સાયરીથી ગરબામાં આવેલ લોકોનો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ ગરબામાં ટ્રેડીશનલ, ગ્રુપ ગરબા તેમજ અન્ય ખેલૈયાઓને ઈનામો પણ આપવામાં આવ્યા હતા. જ્યારે ગાયત્રી મંદિર ખાતે પણ નગરપાલિકા આયોજીત ગરબા યોજાયા હતા.

## બુધવારે મહેસાણા ખાતે રનફોર યુનીટીનો કાર્યક્રમ

મહેસાણા, તા. ૨૬

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથી ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરાયું જે અંતર્ગત મહેસાણા ખાતે રન ફોર યુનીટી કાર્યક્રમનું આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લામાં માર્ચ પાસ્ટમાં પોલીસ સ્ટાફ, રેલ્વે પોલીસ સ્ટાફ, હોમગાર્ડઝ જવાનો મહિલા સુરક્ષા સમિતિના સભ્યો તથા સમાજના તમામ વર્ગોને આવરી લઈને કાર્યક્રમનું આયોજન કરાયું છે.

## હિંમતનગરના પોલીસ હેડક્વાર્ટસ આગળથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગરના પોલીસ હેડક્વાર્ટસ આગળ નવરાત્રી દરમ્યાન પાર્ક કરેલ રૂ. ૧૫ હજારની કિંમતના બાઈકની અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે મુકેશભાઈ ડાહ્યાભાઈ પરમારે નોંધાયેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૧ ઓક્ટોબરના રોજ તેઓ નવરાત્રી જોવા માટે પોલીસ હેડક્વાર્ટસ આવ્યા હતા. જ્યાં તેમણે પોતાનું રૂ. ૧૫ હજારની કિંમતનું બાઈક નં. જીજે.૨૭એડી.૬૮૭૧ને દરવાજા આગળ પાર્ક કર્યુ હતુ. જ્યાંથી અજાણ્યો શખ્સ બાઈકની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં બાઈકનો પત્તો ન મળતા મુકેશભાઈએ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# અરવલ્લી આરોગ્ય તંત્ર ઝીકા વાયરસની અગમચેતી મામલે નિષ્ક્રિય

મોડાસા, તા. ૨૬

હાલમાં રાજસ્થાનમાં ઝીકા વાયરસનો રોગ ઘર કરી બેઠો છે. ત્યારે રાજસ્થાનના પાડોશી રાજ્ય ગુજરાતમાં પણ ઝીકા વાયરસના રોગે પગ પેસારો કર્યો છે. અરવલ્લી જિલ્લો એ સરહદી જિલ્લો છે. રાજસ્થાનની ત્રણ સરહદો માત્ર ૩૫ થી ૪૦ કિલોમીટર દૂર આવેલી છે જેના કારણે રોજના અસંખ્ય લોકો અરવલ્લી જિલ્લામાં રાજસ્થાન તરફથી આવતા હોય છે. અરવલ્લીનું મોડાસા શહેર એ આરોગ્ય નગરી તરીકે પ્રચલિત છે. રાજસ્થાનના સાગવાડા બાંસવાડા પીઠ સીમાલવાડા ગાલિયકોટ ડુંગરપૂર તરફ ના રોજના ૫૦૦ થી વધુ અલગ અલગ રોગના દર્દીઓ પોતાની સારવાર માટે ૩૫ થી ૪૦ જીપો મારફતે મોડાસા આવતા હોય છે. રાજસ્થાનમાં હાલ ઘર કરી બેઠેલા ઝીકા વાયરસને લઈ અવેરનેસ માટે પોસ્ટર કે તપાસ માટે કોઈજ વ્યવસ્થા અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી નથી. ત્યારે રોજના ૫૦૦થી વધુ દર્દીઓ અને તેમના પરિવારજનો રાજસ્થાનથી મોડાસા આવતા હોય ત્યારે આવા સમયે આવા દર્દીઓ અને પરિવારજનોની આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવી જોઈએ. ત્યારે અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા દરરોજ મોડાસાના જુના બસસ્ટેશન વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલોના ભરચક વિસ્તારોમાં સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના પરિવારજનોની ઝીકા વાયરસને લઈ તપાસ કરવામાં આવે જેથી રાજસ્થાનમાં પ્રવર્તનમાન ઝીકા વાયરસને અરવલ્લી જિલ્લામાં







પ્રવેશતા અટકાવી શકાય. મોડાસા બસ સ્ટેશનમાં દરરોજ માત્ર ૬ થી ૮ રાજસ્થાન તરફની બસો આવે છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા એક ટેબલ પર કર્મચારીને બેસાડી અને બહાર પોસ્ટર લગાવી સંતોષ માન્યો છે. ઝીકા વાયરસ એ ચેપી રોગ છે. ત્યારે રાજસ્થાન તરફથી આવતા મુસાફરોની તપાસ કરનાર ખુદ કર્મચારીઓને માસ્ક કે ગ્લોઝ પણ આપવામાં આવ્યા નથી ત્યારે રાજસ્થાન તરફથી રોજના ૪૦૦ થી ૫૦૦ દર્દીઓ આવે છે. એ વિસ્તારને છોડી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા દરરોજ રાજસ્થાન તરફથી આવતી ૮ બસો માટે મોડાસા બસ સ્ટેશનમાં પોસ્ટર અને કર્મચારીઓ દ્વારા સલાહસુચન આપવામાં આવે છે. ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા દરરોજ રાજસ્થાની દર્દીઓથી ઉભરાતા વિસ્તારમાં ઝીકા વાયરસને અરવલ્લીમાં પ્રવેશતા અટકાવવા માટે અગમચેતીના પગલાં નહીં લેવામાં આવે તો અરવલ્લી જિલ્લામાં પણ ઝીકા વાયરસના રોગ ઘર કરવાની શકયતા રહેલી છે.

# ભિલોડા તાલુકાના ૧૧ ગામોમાં એકતા રથનું પરિભ્રમણ દરમ્યાન ભવ્ય સ્વાગત

ભિલોડા,તા.૨૬

અરવલ્લી જીલ્લાના ૬ તાલુકાઓને આવરી લઈને દરેક ગામોમાં પરિભ્રમણ કરતાં એકતા રથનું ગામે-ગામ ભવ્ય સ્વાગત કરાયું હતું.જીલ્લાના ૬ તાલુકાઓને









આવરી લઈ નિયત ગામોમાં એકતા રથનું સ્વાગત કરાયું હતું.એકતા રથયાત્રા ભિલોડા તાલુકા મથક ખાતે આવી પહોંચતાં ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પરીસરમાં ગ્રામજનો ધ્વારા વાજતે-ગાજતે સ્વાગત કરાયું હતું.

વિધાનસભાના પુર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન, સહિત પદાધિકારીઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

એકતા રથયાત્રાનું સ્વાગત સમારોહ કાર્યક્રમ દરમ્યાન જીલ્લા ભાજપ મહામંત્રી શાંમળભાઈ પટેલએ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન કવન સાથે રથયાત્રાનો ઉદ્દેશ સમજાવ્યો હતો.

વિધાનસભાના પુર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ સરદાર વલ્લભભાઈ પટેલનું ઉંડાણપુર્વક મહાત્મ્ય સમજાવ્યું હતું.

નિયત કરાયેલા ગામોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા રથયાત્રાનું ઠેર-ઠેર પરિભ્રમણ ઉમળકાભેર થઈ રહ્યું છે.ભિલોડા તાલુકાના ૧૧

## હિંમતનગરમાં વાહનમાંથી હવા કાઢી નાંખી લુંટ કરતા ૬ સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના દલપુર ગામના એક ઈસમની ત્રણ દિવસ અગાઉ મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડીના પાર્કિંગમાં પડેલ કારના ટાયરમાંથી ૬ જણાએ ગમે તે કારણોસર ભેગા મળી હવા કાઢી નાંખી ઝઘડો કરી તેમના ખિસ્સામાંથી રૂ. ૮ હજારની બળજબરીપૂર્વક લૂંટ કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

આ અંગે દલપુરના રવિભાઈ હસમુખભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમણે ગત તા. ૨૪ ઓક્ટોબરના રોજ કાર નં. જીજે.૯.બીઈ.૪૮૫૨ને સહકારી જીન વિસ્તારમાં આવેલ મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડીમાં પાર્ક કરી હતી. દરમ્યાન બેરણા ગામના પ્રેમ પટેલ ઉર્ફે ગોગલો, ઉત્સવ, ગોવિંદભાઈ પટેલ, કલ્પેશભાઈ, રાધેશ્યામભાઈ પટેલ તથા અન્ય ત્રણ જણાએ ભેગા મળી રવિભાઈ પટેલની કારના ટાયરોમાંથી હવા કાઢી નાંખી રૂ. ૫ હજારનું નુકસાન પહોંચાડ્યુ હતુ. ઉપરાંત આ લોકોએ તેમની સાથે જપાજપી કરી બળજબરીપુર્વક બુશર્ટના ખિસ્સામાંથી રૂ. ૮ હજારની લુંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગડદાપાટુનો માર મારી ભાગી ગયા હતા. જેથી રવિભાઈ પટેલે ચારેય જણા વિરૂદ્ધ ગુરૂવારે એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.